# બાળગીતો









shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education



## મામાનું ઘર કેટલે

મામાનું ઘર કેટલે
દીવા બળે એટલે
દીવા મેં તો દીઠા
મામા લાગે મીઠા
મામી મારી ભોળી
મીઠાઈ લાવે મોળી
મોળી મીઠાઈ ભાવે નહિ
રમકડાં તો લાવે નહિ

## હાથીભાઈ તો જાડા

હાથીભાઈ તો જાડા
લાગે મોટા પાડા
આગળ ઝૂલે લાંબી સૂંઢ
પાછળ ઝૂલે ટૂંકી પૂંછ

## અડકો દડકો દહીં દડૂકો,

અડકો દડકો દહીં દડૂકો,
        શ્રાવણ ગાજે, પીલૂ પાકે
ઊલ મૂલ ધંતૂરાનું ફૂલ,
        સાકર શેરડી ખજૂર,
બાઈ તમારા છૈયા છોકરા,
        જાગે છે કે ઊંઘે છે,
અસ મસ ને ઢસ!!!!

## વારતા રે વારતા

વારતા રે વારતા
        ભાભો ઢોર ચારતા
ચપટી બોર લાવતા
        છોકરાઓને સમજાવતા
એક છોકરો રિસાણો
        કોઠી પાછળ ભિંસાણો
કોઠી પડી આડી
        છોકરે રાડ પાડી
અરરર માડી

## મેં એક બિલાડી પાળી છે

મેં એક બિલાડી પાળી છે
તે રંગે બહુ રુપાળી છે
તે હળવે હળવે ચાલે છે
ને અંધારામાં ભાળે છે
તે દૂધ ખાય , દહીં ખાય
ઘી તો ચપ ચપ ચાટી જાય
તે ઉંદરને ઝટપટ ઝાલે
પણ કૂતરાથી બીતી ચાલે
તેના ડીલ પર ડાઘ છે
તે મારા ઘરનો વાઘ છે

## એક બિલાડી જાડી

એક બિલાડી જાડી
તેણે પહેરી સાડી
સાડી પહેરી ફરવા ગઈ
તળાવમાં તે તરવા ગઈ
તળાવમાં તો મગર
બિલ્લીને આવ્યા ચક્કર
સાડીનો છેડો છૂટી ગયો
મગરના મોઢામાં આવી ગયો
મગર બિલ્લીને ખાઈ ગયો

# અમારા ઢીંગલીબેન છે નાના

અમારા ઢીંગલીબેન છે નાના,
એ તો દોરે મજાના ખાના,
એને એકડો બગડો ન આવડે,
એને ઘરે આવી શીખવાડો.

ઓ મોરલિયા તમે ઘરે રે આવો,
ટહુકા કરી એને શીખવાડો,
એક ટહુકે એકડો લખવાનો,
બે ટહુકે બગડો લખવાનો.

ઓ સસલાભાઈ તમે ઘરે રે આવો,
કૂદકા મારી એને શીખવાડો.
એક કૂદકે એકડો લખવાનો,
બે કૂદકે બગડો લખવાનો.

ઢીંગલીબેન તો શીખી ગયા બગડો,
સમય મળે તો આવજો કાગડાભાઈ,
ઘરે રે આવી એને શીખવાડો,
હવે એને શીખવો તગડો ને ચોગડો.

# અમે બાલમંદિરમાં

હાં રે અમે બાલમંદિરમાં ભણિયે
હાં રે અમે નવી નવી વાતો શીખિયે

અમે સંગીતના વર્ગમાં જઈએ
અમે નીત નવા ગીતો ગાઈએ
અમે ઢોલકના થાપ પર નાચિયે
હાં રે અમે બાલમંદિરમાં ભણિયે
હાં રે અમે નવી નવી વાતો શીખિયે

અમે નાનકડાં બંગલા બનાવિયે
અમે માટીના રમકડાં બનાવિયે
અમે કાગળની હોડી બનાવિયે
હાં રે અમે બાલમંદિરમાં ભણિયે
હાં રે અમે નવી નવી વાતો શીખિયે

અમે બાગમાં હીંચકા ખાઈએ
અમે લસરપટ્ટીમાં લસરિયે
અમે ચકડોળમાં બેસી ફરિયે
હાં રે અમે બાલમંદિરમાં ભણિયે
હાં રે અમે નવી નવી વાતો શીખિયે
હાં રે અમે બાલમંદિરમાં ભણિયે
હાં રે અમે નવી નવી વાતો શીખિયે

## અંતર મંતર જંતર, હું જાણું છું એક મંતર

અંતર મંતર જંતર, હું જાણું છું એક મંતર
તને ચકલી બનાવી દઉં, તને ચકલી બનાવી દઉં

જુઓ આ ટોપલી છે ખાલી (૨)
તેમાં પરી આવે મતવાલી (૨)
મારી ટોપલીમાં જાદુ, તેમાં પરીને બેસાડું
તેનું સસલું બનાવી દઉં, તેનું સસલું બનાવી દઉં
અંતર મંતર જંતર....

જુઓ આ ગંજીફાની રમત (૨)
રમતમાં છે મોટી ગમ્મત (૨)
પહેલા રાજા આવે છે, પછી રાણી આવે છે
તેને ગુલામ બનાવી દઉં, તેને ગુલામ બનાવી દઉં

અંતર મંતર જંતરજુઓ આ નાનો છે ઠીગ્ગું (૨)
તેનું નામ પાડ્યું છે મેં તો પિંગુ
પિંગુ ખૂબ દોડે છે, ઊંચા પહાડ કૂદે છે
એનું લીંબુ બનાવી દઉં, એનું લીંબુ બનાવી દઉં
અંતર મંતર જંતર....

## આવડા અમથા વાંદરાભાઈને સિનેમાનો શોખ

**આવડા અમથા વાંદરાભાઈને**

**સિનેમાનો શોખ (૨)**

**ધોતી પહેરી ઝભ્ભો પહેર્યો (૨)**

**ટોપી મૂકી આમ, ટોપી મૂકી આમ**

**આવડા અમથા...**

**લાકડી લીધી ચશ્મા પહેર્યા (૨)**

**ચાલી નીકળ્યા આમ,ચાલી નીકળ્યા આમ**

**આવડા અમથા...**

**પહેલા નંબરની ટિકિટ કપાવી (૨)**

**જોવા બેઠા આમ, જોવા બેઠા આમ**

**આવડા અમથા...**

**સિનેમામાં તો ધડાકો થયો (૨)**

**ગભરાઈ ગયા આમ, ગભરાઈ ગયા આમ**

**આવડા અમથા...**

**ચંપલ ફેંક્યા, ચશ્મા ફેંક્યા (૨) ટોપી ફેંકીઆમ, ટોપી ફેંકી આમ**

**આવડા અમથા...**

## ઊંટ કહે: આ સભામાં,વાંકાં અંગવાળાં ભૂંડા

**અન્યોક્તિ**

**ઊંટ કહે: આ સભામાં,વાંકાં અંગવાળાં ભૂંડા;**
**ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ અપાર છે;**

**બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી;**
**કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.**

**વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા;**
**ભેંસને તો શિર વાંકાં, શિંગડાંનો ભાર છે.**

**સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ;**
**"અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે."**

**- દલપતરામ**

# એક કબૂતર નાનું બહુ ગમે ઊડવાનું

નાનુંકબૂતર

એક કબૂતર નાનું
બહુ ગમે ઊડવાનું
ઊડ્યું છાનું માનું
તો કબૂતરના કાકા બોલ્યા : ઘૂ ઘૂ ઘૂ

કહે કબૂતર : ગાઉં
ડાળે ઝૂલવા જાઉં
તળાવમાં જઇ ન્હાઉં
તો કબૂતરના પપ્પા બોલ્યા : ઘૂ ઘૂ ઘૂ

કબૂતર તો રોતું
આંસુ આવ્યુ મોટું
મમ્મી સામે જોતું
તો કબૂતરની મમ્મી બોલી: ઘૂ ઘૂ ઘૂ

–રમેશ પારેખ

## એક ઢિંગલી સોહાણી લટકા–મટકા કરતી જાય

એક ઢિંગલી સોહાણી
લટકા–મટકા કરતી જાય (૨)

કાને કુંડળ પહેરીને, નાકે નથણી પહેરીને
લટકા–મટકા કરતી જાય (૨)

હાથે કંગન પહેરીને, પગે ઝાંઝર પહેરીને
લટકા–મટકા કરતી જાય (૨)

પગે સેંડલ પહેરીને, ખભે પર્સ ભેરવીને
લટકા–મટકા કરતી જાય (૨)

## એક હતો ઉંદર

એક હતો ઉંદર, કોટ પહેર્યો સુંદર
હાથમાં લીધી સોટી, વાતો કરતો મોટી
જો બનું હું અક્ષપ્રધાન, કદી પડે ન અક્ષની તાણ
ઉંદર સેના ઘૂમતી જાય, ચોકી પહેરો કરતી જાય
કોઠા રોટલા ચરતી જાય, લોકો સૌ વહેંચી ખાય

## એકડે એક

એકડે એક પાપડ શેક
બગડે બે ચોપડી લે
ત્રગડે ત્રણ વેઢા ગણ
ચોગડે ચાર બેડો પાર

પાંચડે પાંચ કવિતા વાંચ
છગડે છ ન શીખે તે ઢ
સાતડે સાત સાંભળો વાત
આઠડે આઠ લખજો પાઠ

નવડે નવ લડશો નવ
એકડે મીંડે દશ હવે બસ

## એન ઘેન દીવા ઘેન

એન ઘેન, દીવા ઘેન,ડાહીનો ઘોડો, ખડ ખાતો
પાણી પીતો, રમતો જમતો, છૂટ્યો છે

હાથમાં લાકડી, કમળ કાકડી, ભાગો ભાગો, ઘોડો ચાલ્યો
દોડો દોડો, ના પકડશો, ડાહીનો ઘોડો, રમતો જમતો, છૂટ્યો છે

## કાળી ધોળી રાતી ગાય

કાળી ધોળી રાતી ગાય
પીએ પાણી ચરવા જાય
ચાર પગ ને આંચળ ચાર
વાંછરડા પર હેત અપાર

પાછળ પુંછડા પર છે વાળ
તેથી કરે શરીર સંભાળ
કાન શિંગ,બે મોટી આંખ
પૂંછડાથી ઊડાડે માખ

નરમ રુવાંટી લિસ્સું અંગ
ગેલ કરે વાંછરડા સંગ
દુધ તેનું ધોળું દેખાય
સાકર નાખી હોંશે ખાય

દહીં માખણ ઘી તેના થાય
તેથી બહુ ઉપયોગી થાય.

-ધીરજ

## કીડી, બગલો અને હાથી

એક હતો બગલો, નામ એનું ભગલો,
તાળી લ્યો. ભૈ, તાળી લ્યો!

કાળો કાળો ડગલો, ડગલો પહેરે બગલો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!

બગલો બન્યો વકીલ, કીડી બોલી: હું અસીલ!
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!

હાથી સામે કરો કેસ, ખેંચ્યા એણે મારા કેશ
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!

બગલો કહે :રડ નહીં, હાથીડાથી ડર નહીં,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!

બંદા વકીલ હીરો છે, હાથીડો તો ઝીરો છે.
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!

પોલીસને બોલાવું છું જેલમાં પુરાવું છું
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!

બોલો વાત એવી થી, પછી જોવા જેવી થઈ,
તાળી લ્યો. ભૈ. તાળી લ્યો!

વાત સુણી ગુસ્સે થયો, હાથી બગલા કને ગયો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!

સૂંઢથી ઊંચે પહોચાડ્યો, ધડમ દઈને પછાડ્યો.
તાળી લ્યો. ભૈ, તાળી લ્યો!

બગલો બોલ્યો : બાપા ખાધી મેં તૂ થાપ રે!
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!

કીડી, કીડી મારું માન, કરી લે તું સમાધાન,
તાળી લ્યો. ભૈ, તાળી લ્યો!

એકડા પછી બગડો, હાથીડો છે તગડો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!

બળીયા સામે પડીએ નહીં, ખાલી ખોટા લડીએ નહીં,
તાળી લ્યો. ભૈ, તાળી લ્યો!

હાથી ભૈ નાં જોઈ રુપ, કીડી ભાગી ગુપચુપ,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો

પૂંઠે ભાગ્યો બગલો, ફેંકી દઈ ને ડગલો,
તાળી લ્યો. ભૈ, તાળી લ્યો!

શિક્ષણ સાગર

## કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય

કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય
ગાવાનું હું શરૂ કરું ત્યાં, પપ્પા મારા ખીજાય
કોયલ કૂ કૂ ગાય....

ચકલી ચણ ચણ ખાય, મને ખાવાનું મન થાય
ખાવાનું હું શરૂ કરું ત્યાં, મમ્મી મારી ખીજાય
કોયલ કૂ કૂ ગાય....

ઉડતું પતંગિયું જોઈ, મને ઉડવાનું મન થાય
ઉડવાનું હું શરૂ કરું ત્યાં, નીચે પડી જવાય
કોયલ કૂ કૂ ગાય....

પથારીએ સુતાં, મને કઈ કઈ વિચાર થાય
સુવાનું હું શરૂ કરું ત્યાં, સપને સરી જવાય
કોયલ કૂ કૂ ગાય....

## ખિલખિલાટ કરતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં
ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં....

બોલ બોલ કરતાં દોડી દોડી રમતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં
ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં....

મુખડાં મલકાવતાં સૌને હસાવતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં
ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં....

થનગન નાચતાં આનંદે રાચતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં
ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં....

નિશાળે જાતાં ગીત નવા ગાતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં
ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં....

નાનેરા બાળ અમે સૌને ગમતાં, નાનેરા બાળ અમે સૌને ગમતાં...

## ગણપતિદાદા મોરિયા

ગણપતિદાદા મોરિયા
ઘીમાં લાડુ ચોળિયા
ગણપતિદાદા મોરિયા
ઘીમાં લાડુ ચોળિયા
ગણપતિદાદા લાડુ જમે
એકવીસ લાડુ પેટમાં રમે

ઉંદર ઉપર સવારી કરે
મલક આખામાં ફરતા ફરે
ઉંદર ઉપર સવારી કરે
મલક આખામાં ફરતા ફરે

ગણપતિદાદા મોરિયા
ઘીમાં લાડુ ચોળિયા
ગણપતિદાદા મોરિયા
ઘીમાં લાડુ ચોળિયા

# ઘડીયાળ મારું નાનું

ઘડીયાળ મારું નાનું, તે ચાલે છાનું માનું
એ તો કેવી નવાઈ જેવી વાત છે, એ તો કેવી નવાઈ જેવી વાત છે

એને નથી પાંખ, પણ ચાલે ફટફટ
એ તો કેવી નવાઈ જેવી વાત છે, એ તો કેવી નવાઈ જેવી વાત છે

ખાવાનું નહિ માગે, પણ ચાવી આપે ચાલે
એ તો કેવી નવાઈ જેવી વાત છે, એ તો કેવી નવાઈ જેવી વાત છે

અંધારે અજવાળે, સૌના વખતને સંભાળે
એ તો કેવી નવાઈ જેવી વાત છે, એ તો કેવી નવાઈ જેવી વાત છે

દિવસ રાતે ચાલે, પણ થાક નહિ લાગે
એ તો કેવી નવાઈ જેવી વાત છે, એ તો કેવી નવાઈ જેવી વાત છે

ટક ટક કરતું બોલે, જરા ય નહિ થોભે
એ તો કેવી નવાઈ જેવી વાત છે, એ તો કેવી નવાઈ જેવી વાત છે

ઘડીયાળ મારું નાનું, તે ચાલે છાનું માનું
એ તો કેવી નવાઈ જેવી વાત છે, એ તો કેવી નવાઈ જેવી વાત છે

## ઘોડાગાડી રીક્ષા, રીક્ષામાં બેઠા બાળકો

ઘોડાગાડી રીક્ષા, રીક્ષામાં બેઠા બાળકો
ઓ વહાલા બાળકો, તમે નિશાળ વહેલા આવજો

નિશાળ તો દૂર છે ભણવાની જરૂર છે
એકડો તો આવડે છે પણ બગડાની જરૂર છે

ઓ વહાલા, એકડો તો આવડે છે પણ બગડાની જરૂર છે
ઓ વહાલા, બગડો તો આવડે છે પણ તગડાની જરૂર છે
ઓ વહાલા, તગડો તો આવડે છે પણ ચોગડાની જરૂર છે
ઓ વહાલા, ચોગડો તો આવડે છે પણ પાંચડાની જરૂર છે
ઓ વહાલા, પાંચડો તો આવડે છે પણ છગડાની જરૂર છે
ઓ વહાલા, છગડો તો આવડે છે પણ સાતડાની જરૂર છે
ઓ વહાલા, સાતડો તો આવડે છે પણ આઠડાની જરૂર છે
ઓ વહાલા, આઠડો તો આવડે છે પણ નવડાની જરૂર છે
ઓ વહાલા, નવડો તો આવડે છે પણ દસડાની જરૂર છે

ઓ વહાલા બાળકો, તમે નિશાળ વહેલા આવજો

# ઘોડો ઘુઘરિયાળો મારો ઘોડો ઘુઘરિયાળો

ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો (૨)
ઘાસ એ ખાય છે ને તાજો માજો થાય છે (૨)
દોડાવું તો દોડે છે ને થોભાવું તો થોભે છે (૨)
એના ઉપર બેસું ત્યારે લાગું હું મૂંછાળો
ઘૂઘરિયાળો (૨)

ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘુઘરિયાળો (૨)
રંગે એ કાળો છે પણ દિલનો બહુ રૂપાળો છે (૨)
ચાબૂકનું શું કામ છે ને ચેતક એનું નામ છે (૨)
તડબડ તડબડ દોડે ત્યારે લાગે પાંખોવાળો
ઘૂઘરિયાળો (૨)

ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો (૨)

## ચકલી અને ફરરર ફરરર

ચકલી અને ફરરર ફરરર
એક ચકલી આવી ફરરર
બીજી ચકલી આવી ફરરર
ત્રીજી કહે : ચાલો, ચણીએ દાણા

ત્રીજી ચકલી આવી ફરરર
ચોથી ચકલી આવી ફરરર
કહે પાંચમી : ચાલો, ગાઇએ ગાણાં

પછી પાંચમી આવી ફરરર
પછી છઠી આવી ફરરર
કહે સાતમી : બેસો, મારીએ ગપાટા

પછી આઠમી ઊડી ફરરર
પછી નવમી ઊડી ફરરર
કહે દસમી : બધા આવજો...ટાટા

–રમેશ પારેખ

## ચકલી બોલે ચીં ચીં

ચકલી બોલે ચીં ચીં
ટીપું પાણી પી પી

કાગડો બોલે કાં કાં
મોટે સાદે ગા ગા

કોયલ બોલે કૂ કૂ
હોલો બોલે ઘૂ ઘૂ

કુકડા કુકડા કૂકડે કૂક
ગાડી ચાલે છૂક છૂક

બકરી બોલે બેં બેં
આલો પાલો લે લે

મીની મીની મ્યાઉં મ્યાઉં
ઓરી આવ દૂધ પાઉં

ઉંદર મામા છૂ છૂ
સામે ઊભો હું છું

# ચકીબેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહિ

ચકીબેન ચકીબેન
મારી સાથે રમવા આવશો કે નહિ, આવશો કે નહિ

બેસવાને ખાટલો, સુવાને પાટલો
ઓઢવાને પીંછાં આપીશ તને, આપીશ તને
ચકીબેન ચકીબેન

પહેરવાને સાડી, મોરપીંછાંવાળી
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને, આપીશ તને
ચકીબેન ચકીબેન

ચક ચક અવાજે ચીં ચીં કરજે
ચણવાને દાણા આપીશ તને, આપીશ તને
ચકીબેન ચકીબેન

બા નહિ લડશે, બાપુ નહિ લડશે
નાનો બાબો તને ઝાલશે નહિ, ઝાલશે નહિ
ચકીબેન ચકીબેન

# ચણ ચણ બગલી ચણાની દાળ

ચણ ચણ બગલી ચણાની દાળ
ઠેકો માર્યો ઠુમકદાર
શેરીએ શેરીએ ઝાંખા દીવા
આવ રે કાગડા કઢી પીવા

મારામાં કાંકરી ખૂંચે છે
મારામાં કાંકરી ખૂંચે છે

ગણ ગણ ગાંઠીયા તેલની પળી
ઊઠ રે લાલિયા ઝૂંપડી બળી
બળતી હોય તો બળવા દે ને
ઠરતી હોય તો ઠરવા દે
આવ રે કાગડા કઢી પીવા

મારામાં કાંકરી ખૂંચે છે
મારામાં કાંકરી ખૂંચે છે

જમાલ ગોટો ધમ ધમ થાય
આડુ અવળું જૂએ એની તુંબડી રંગાય

શિક્ષણ સાગર

## ચાંદો સૂરજ રમતા'તા

અમે ચાંદો સૂરજ રમતા'તા, રમતાં રમતાં કોડી જડી
કોડીનાં મે ચીભડાં લીધાં, ચીભડે મને બી દીધાં

બી બધાં મે વાડમાં નાખ્યાં, વાડે મને વેલો આપ્યો
વેલો મેં ગાયને નીર્યો, ગાયે મને દૂધ આપ્યું

દૂધ મેં મોરને પાયું, મોરે મને પીછું આપ્યું
પીંછુ મેં બાદશાહને આપ્યું, બાદશાહે મને ઘોડો આપ્યો

ઘોડો મેં બાવળિયે બાંધ્યો, બાવળે મને શૂળ આપી
શૂળ મેં ટીંબે ખોસી, ટીંબે મને માટી આપી

માટી મેં કુંભારને આપી, કુંભારે મને ઘડો આપ્યો
ઘડો મેં કૂવાને આપ્યો, કૂવાએ મને પાણી આપ્યું

પાણી મેં છોડને પાયું, છોડે મને ફૂલ આપ્યાં
ફુલ મેં પૂજારીને આપ્યા, પૂજારીએ મને પ્રસાદ આપ્યો

પ્રસાદ મેં બાને આપ્યો, બાએ મને લાડવો આપ્યો
એ લાડવો હું ખાઈ ગ્યો, ને હું આવડો મોટો થઈ ગ્યો

શિક્ષણ સાગર

## ચોકમાં દાણા નાખ્યા છે

આવો પારેવા, આવોને ચકલાં
ચોકમાં દાણા નાખ્યા છે

આવો પોપટજી, મેનાને લાવજો
ચોકમાં દાણા નાખ્યા છે

આવોને કાબરબાઈ, કલબલ ન કરશો
ચોકમાં દાણા નાખ્યા છે

બંટી ને બાજરો, ચોખા ને બાવટો
ચોકમાં દાણા નાખ્યા છે

ધોળી છે જાર ને, ઘઉં છે રાતડા
ચોકમાં દાણા નાખ્યા છે

નિરાંતે ખાજો, નિરાંતે ખૂંદજો
ચોકમાં દાણા નાખ્યા છે

બિલ્લી નહિ આવે, કુત્તો નહિ આવે
ચોકમાં દાણા નાખ્યા છે

ચણ ચણ ચણજો, ને ચીં ચીં કરજો
ચોકમાં દાણા નાખ્યા છે

## ચોલી પહેરીને હું તો નિશાળે ગઈ ‘તી

ચોલી પહેરીને હું તો નિશાળે ગઈ ‘તી (૨)
ચોલી મારી ચલક ચલક થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો

કંગન પહેરીને હું તો નિશાળે ગઈ ‘તી (૨)
કંગન મારા ખણણ ખણણ થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો

નથણી પહેરીને હું તો નિશાળે ગઈ ‘તી (૨)
નથણી મારી ઝનન ઝનન થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો

ઝાંઝર પહેરીને હું તો નિશાળે ગઈ ‘તી (૨)
ઝાંઝર મારી છણણ છણણ થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો

# છુક છુક ગાડી

પાટા ઉપર ગાડી
દોડે દોટો કાઢી,
વાંકીચૂકી ઊભી આડી,
છુક છુક છુક છુક.

જંગલ આવે, ઝાડી આવે,
નદી ઝરણાંનાં નીર કુદાવે;
કાળી કાળી ચીસો પાડી,
મોટા ડુંગર ફાડી – વાંકીચૂકી ઊભી આડી,
છુક છુક છુક છુક.

મુંબઇ આવેમ, વડોદરંž સુરત આવે, ગોધરંž;
મમ્માજી મુંબઇ આવે,
પપ્પાજી ટપાલ લાવે;
પાટા ઉપર ગાડી …

–અવિનાશ વ્યાસ

શિક્ષણ સાગર

# ઝાડ નીચે બેઠા બચુભાઈ

ઝાડ નીચે બેઠા બચુભાઈ
લઈને વાડકીમાં મીઠું દહીં

ઊડતાં ઊડતાં આવ્યા કાગડાભાઈ
ઝાડ ઉપર બેઠા પૂરી ખાવા ભાઈ

બચુભાઈ ખાતા'તા લહેરથી દહીં
ત્યાં તો પૂરી નીચે પડી ગઈ

બચુભાઈ ગભરાયા બહુ ભાઈ
નાઠા એ તો વાડકો ફેંકી દઈ

કાગડાભાઈને તો મજા આવી ગઈ
ખાઈ ગયા બધું એ તો મીઠું દહીં

## ડોશીમા ડોશીમા ક્યાં ચાલ્યાં ?

**ડોશીમા ડોશીમા ક્યાં ચાલ્યાં?**
**છાણાં વીણવા**

**છાણાંમાંથી શું જડ્યું?**
**રૂપિયો**

**રૂપિયાનું શું લીધું?**
**ગાંઠિયા**

**ખાય જે ગાંઠિયા ભાંગે તેના ટાંટિયા**
**ઊભો રે'જે મારા પિટીયા**

# ઢિંગલી તારા માંડવા રોપ્યા, ઢોલ વાગે ઢમઢમ

ઢિંગલી તારા માંડવા રોપ્યા, ઢોલ વાગે ઢમઢમ
લાલિયો મહરાજ લાડવા વાળે, શાક કરે છમછમ
ઢિંગલી તારા માંડવા

ચાખવા મીનીબેન બેઠા’તા, જીભલડી ચમચમ
પમલો પેલો વાંદરો ફૂંકે, પિપૂડાં પમપમ
ઢિંગલી તારા માંડવા

જૂનાગઢથી જાન આવી છે, જાનડીઓ રૂમઝૂમ
દોડતાં પેહેલાં વેલડાં આવે, ઢોલ વાગે ઢમઢમ
ઢિંગલી તારા માંડવા

ઢિંગલીબાઈના પગમાં ઝાંઝર, ઘૂઘરીઓ ધમધમ
નાકમાં એને નથણી સોહે, કેવી રે ચમચમ
ઢિંગલી તારા માંડવા

ઢિંગલીબાઈ તો સાસરે જાશે, આંસુડાં ટમટમ
લાગશે કેવા ઘરને શેર, સુના રે સમસમ
ઢિંગલી તારા માંડવા

# તને ચકલી બોલાવે

તને ચકલી બોલાવે, તને પોપટ બોલાવે તને, બોલાવે કુતરું કાળું
ઓલી વાંકી પૂછડીવાળું,
ઓલી વાંકી પૂછડીવાળું

નાના નાના ચાર ગલુડિયાં, આવે છાના માના,
એક હતું ધોળું, બીજું હતું કાળું, ત્રીજું રંગે લાલ, ને ચોથું ધાબાવાળું

તને ચકલી બોલાવે, તને પોપટ બોલાવે તને, બોલાવે કુતરું કાળું
ઓલી વાંકી પૂછડીવાળું,
ઓલી વાંકી પૂછડીવાળું

દડબડ દડબડ દોડી આવે, ભૂલકાઓનું ટોળું, એક કહે આ મારું,
બીજો કહે આ મારું, ત્રીજો રમાડે રૂપાળું, ને સૌને હુ પંપાળું

તને ચકલી બોલાવે, તને પોપટ બોલાવે તને, બોલાવે કુતરું કાળું
ઓલી વાંકી પૂછડીવાળું,
ઓલી વાંકી પૂછડીવાળું

## દાદાનો ડંગોરો

દાદાનો ડંગોરો લીધો
એનો તો મેં ઘોડો કીધો

ઘોડો કૂદે ઝમઝમ, ઘૂઘરી વાગે ઘમઘમ
ધરતી ધ્રુજે ધમ ધમ

ધમધમ ધરતી થાતી જાય, મારો ઘોડો કૂદતો જાય

કૂદતાં કૂદતાં આવે કોટ, કોટ કૂદીને મૂકે દોટ

સહુના મનને મોહી રહ્યો, એક ઝવેરી જોઈ રહ્યો

ઝવેરીએ તો હીરો દીધો, હીરો મેં રાજાને દીધો

રાજાએ ઉતાર્યો તાજ, આપ્યું મને આખું રાજ

રાજ મેં રૈયતને દીધું, મોજ કરી ખાધું પીધું

-ત્રિભુવનદાસ ગૌરીશંકર વ્યાસ

# નમિયે તુજને વારંવાર

પરોઢિયે પંખી જાગીને ગાતાં મીઠાં તારાં ગાન
પરોઢિયે મંદિર મસ્જિદમાં ધરતાં લોકો તારું ધ્યાન

તું ધરતીમાં તું છે નભમાં સાગર મહી વસે છે તું
ચાંદા સૂરજમાંયે તું છે ફુલો મહી હસે છે તું

હરતાં ફરતાં કે નીંદરમાં રાતે દિવસે સાંજ સવાર
તારો અમને સાથ સદાયે તું છે સૌનો રક્ષણહાર

દેવ બનાવી દુનિયા છે તેં તારો છે સૌને આધાર
તું છે સૌનો સૌ તારાં છે નમીએ તુજને વારંવાર

- સ્નેહરશ્મિ

## નાની મારી આંખ

નાની મારી આંખ એ, જોતી કાંક કાંક
એ તે કેવી અજબ જેવી વાત છે

નાના મારા કાન એ, સાંભળે મીઠા ગાન
એ તે કેવી અજબ જેવી વાત છે

નાક મારું નાનું, એ સુંઘે ફૂલ મજાનું
એ તે કેવી અજબ જેવી વાત છે

નાની મારી જીભ, એ માણે પીપરમીન્ટ
એ તે કેવી અજબ જેવી વાત છે

નાના મારા હાથ, એ તાળી પાડે સાથ
એ તે કેવી અજબ જેવી વાત છે

નાના મારા પગ, એ જલદી ભરે ડગ
એ તે કેવી અજબ જેવી વાત છે

શિક્ષણ સાગર

## પાપા પગલી ધૂળની ઢગલી

**પાપા પગલી**

**પાપા પગલી ધૂળની ઢગલી**
**ઢગલીમાં ઢેલ જીવે મારી બેન**

**પાપા પડિયા થોડુંક રડ્યાં**
**રડતાં રડતાં આંસુડાં ખર્યાં**

**પાપા પોળી ઘીમાં ઝબોળી**
**ચોળીને ખાજો તાજામાજા થાજો**

**તાજામાજા થાજો**
**તાજામાજા થાજો**

## પિપૂડીવાળાનો પેલો તનમનિયો

પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો

ચોરી ગયો એ તો કેરીનો કરંડિયો
કેરી ખવાય છે, ગોટલા ફેંકાય છે,
ચોરી પકડાય છે, ડંડા મરાય છે
તનમાંને મનમાં તનમનિયો મૂંઝાય છે
પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો

ચોરી ગયો એ તો કેળાંનો કરંડિયો
કેળાં ખવાય છે, છોતરાં ફેંકાય છે,
ચોરી પકડાય છે, ડંડા મરાય છે
તનમાંને મનમાં તનમનિયો મૂંઝાય છે
પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો

## પેલા ચકલીબાઈ એ માળા બાંધ્યા ઢંગ વગરના

પેલા ચકલીબાઈ એ માળા બાંધ્યા ઢંગ વગરના
પેલા દરજીડાને સુગરીબાઈના કેવા મજાના
પેલા ચકલીબાઈ એ....

ઝાડે ખિસકોલીએ માળા બાંધ્યા રૂ ના રેસાના
કાબર કબૂતરને ઘૂવડ વળી કાગડા કોયલના
પેલા ચકલીબાઈ એ....

પેલા ઉંદરભાઈએ દર ખોદ્યા કેવા મજાના
સાપે પેસી જઈને રાફડા કર્યા હક વગરના
પેલા ચકલીબાઈ એ....

કીડી મકોડીએ દરના કર્યા નગર મજાના
પેલા વાંદરાભાઈ તો રખડ્યા કરે ઘર વગરના
પેલા ચકલીબાઈ એ....

## પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે

સાદ કરે છે

પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે, સાદ કરે છે, સાદ કરે છે,

પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે.

પેલા વનની વનરાઈ તમને સાદ કરે છે,

પેલા વનની વનલતા તમને સાદ કરે છે, સાદ કરે છે, સાદ કરે છે,

પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે.

પેલા વડની વડવાઈ તમને સાદ કરે છે,

પેલા પીપળના પાન તમને સાદ કરે છે, સાદ કરે છે, સાદ કરે છે,

પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે.

પેલા મોરના ટહુકા તમને સાદ કરે છે,

પેલી કોયલનું કૂજન તમને સાદ કરે છે, સાદ કરે છે, સાદ કરે છે,

પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે.

પેલા ગાયોના ગોવાળ તમને સાદ કરે છે,

પેલો વડભેરુ રમવા તમને સાદ કરે છે, સાદ કરે છે, સાદ કરે છે,

પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે.

## પોપટ મીઠું બોલે

મારા આંગણામાં પોપટ મીઠું બોલે
સીતા રામ સીતા રામ ધીમું બોલે

ગળે કાળો છે કાંઠલો ને લીલો લીલો રંગ
એની વાંકી ચાંચલડીનો લાલ લાલ રંગ

એ તો હીંચકે બેસીને ઝૂલા ઝૂલે
સીતા રામ સીતા રામ ધીમું બોલે

મારા આંગણામાં પોપટ મીઠું બોલે
સીતા રામ સીતા રામ ધીમું બોલે

એને પેરુ ભાવે ને લીલા મરચાં એ ખાય
એને ખાતો જોઈને મારું મનડું હરખાય

એ તો મસ્તીમાં આવી થૈ થૈ ડોલે
સીતા રામ સીતા રામ ધીમું બોલે

મારા આંગણામાં પોપટ મીઠું બોલે
સીતા રામ સીતા રામ ધીમું બોલે

## બટુકભાઈ કેવડા હતા રે

બટુકભાઈ કેવડા હતા રે (૨)
બટુકભાઈ આવડા હતા રે (૨)

બટુકભાઈ કેમ કરી પાણી પીતા'તા
બટુકભાઈ ઘટર ઘટર,
બટુકભાઈ ઘટર ઘટર પાણી પીતા'તા ... બટુકભાઈ

બટુકભાઈ કેમ કરી ખાણું ખાતા'તા
બટુકભાઈ ભચડ ભચડ,
બટુકભાઈ ભચડ ભચડ ખાણું ખાતા'તા... બટુકભાઈ

બટુકભાઈ કેમ કરી કચરો કાઢતા'તા
બટુકભાઈ આમ કરી,
બટુકભાઈ આમ કરી કચરો કાઢતા'તા... બટુકભાઈ

બટુકભાઈ કેમ કરી કપડાં ધોતા'તા
બટુકભાઈ આમ કરી,
બટુકભાઈ આમ કરી કપડાં ધોતા'તા... બટુકભાઈ

## બા પેલા બાગમાં દોડી દોડી જાઉં

બા પેલા બાગમાં દોડી દોડી જાઉં (૨)
નાના છોડવાને પાણી પાઉં પાઉં પાઉં
બા પેલા બાગમાં

આંબાની ડાળે ટહુકે કોયલડી (૨)
કોયલની સાથી ગાઉં ગાઉં ગાઉ
બા પેલા બાગમાં

વડલાની ડાળે બાંધ્યો છે હિંચકો (૨)
હિંચકે હિંચકા ખાઉં ખાઉં ખાઉં
બા પેલા બાગમાં

છોડવે છોડવે ઊડે પતંગિયા (૨)
હું તો એને પકડવા જાઉં જાઉં જાઉં
બા પેલા બાગમાં

હરિયાળી બાગમાં નાચે છે મોરલો (૨)
મોરલો બોલે મેં આઉ આઉ આઉ
બા પેલા બાગમાં

## બાર મહિના

કારતકમાં ટાઢ આવી, માગશરમાં જામી

પોષ મહિને પતંગ લઈને, ટાઢને ભગાડી

મહા મહિને વસંતપંચમી, ઊડે રંગ ગુલાલ

ફાગણ મહિને હોળી આવી, રંગ ગુલાબી લાલ

ચૈત્ર મહિનો ગરમી લાવ્યો, વેકેશન વૈશાખ

જેઠ મહિને ગિલ્લી દંડા, રમતા લાગે થાક

અષાઢ મહિને આંધી સાથે, વાદળ વરસે ઝાઝા

શ્રાવણ મહિને સરવર છલકે, શાક ભાજી તાજા

ભાદરવામાં ભીંડાનું શાક, લોકો હોંશે ખાય

આસો મહિને દિવાળી, ફટાકડાં ફોડાય

# બિલાડીનું નાનું બચ્ચું મેળો જોવા જાય

બિલાડીનું નાનું બચ્ચું મેળો જોવા જાય
બસ રીક્ષામાં ચક્કર આવે, ચાલતાં ચાલતાં જાય
બિલાડીનું નાનું બચ્ચું

ચહેરા પર એ હિંમત રાખે, પણ મનમાં મુંજાય
રસ્તાની એ ડાબે ચાલે, હળવે હળવે જાય
બિલાડીનું નાનું બચ્ચું....

કૂતરાભાઈ તો (હા ઉં હા ઉં) ટ્રાફિક પોલિસ
તરત સમજી જાય
સીટી મારે હાથ બતાવે, ટ્રાફિક થોભી જાય
બિલાડીનું નાનું બચ્ચું....

મેળામાં તો સ્ટોલ ઘણાં છે, ખાવા મન લલચાય
મમ્મીનું એ યાદ આવ્યું કે, બહારનું ના ખવાય
બિલાડીનું નાનું બચ્ચું....

## બિલ્લીમાસી ઘરમાં ઘૂસી

બિલ્લીમાસી ઘરમાં ઘૂસી, ગુપચુપ ગુપચુપ ચાલે જી
રસોડામાં ફરતાં ફરતાં, ઘી દૂધ ચાટે જી

કાળું કાળું ગલુડિયું, વાઉં–વાઉં વાઉં–વાઉં કરતું
દૂધ પીવા આપું તો, પટ પટ પૂંછડી કરતું

કાળી કાળી ભેંસ છું, ઘાસ ખૂબ ખાઉં છું
મીઠું મીઠું દૂધ આપું, સૌને તાજા રાખું છું

તબડક તબડક દોડું છું, ઘોડો મારું નામ
ચણા ઘાસ આપો તો, લઈ જાઉં તમારે ગામ

વાંદરાભાઈ વાંદરાભાઈ, ઊંચી ડાળે હીંચકા ખાય
મીઠાં મીઠાં જાંબુ ખાતાં, હૂપ હૂપ કરતાં જાય

દેડકાભાઈ દેડકાભાઈ, પાણીમાં તો રહો છો
ડ્રાઉં ડ્રાઉં કરો છો, લાંબો કૂદકો મારો છો

# મજાની ખિસકોલી

તું અહીંયાં રમવા આવ મજાની ખિસકોલી
તું દોડ તને દઉં દાવ મજાની ખિસકોલી

તું કેવી હસે ને રમે મજાની ખિસકોલી
તારા કૂદકા તો બહુ ગમે મજાની ખિસકોલી

તું જ્યારે ખિલખિલ ગાય મજાની ખિસકોલી
તારી પૂંછડી ઊંચી થાય મજાની ખિસકોલી

તારે અંગે સુંદર પટા મજાની ખિસકોલી
તારી ખાવાની શી છટા મજાની ખિસકોલી

તું ઝાડે ઝાડે ચડે મજાની ખિસકોલી
કહે કેવી મઝા ત્યાં પડે મજાની ખિસકોલી

બહુ ચંચળ તારી જાત મજાની ખિસકોલી
તું ઉંદરભાઈની નાત મજાની ખિસકોલી

તું અહીંયાં રમવા આવ મજાની ખિસકોલી
તું દોડ તને દઉં દાવ મજાની ખિસકોલી

# મને મળી ગયું બાળપણ બાગમાં

વૃક્ષ ઝુકી ઝુકી વંદન કરતાં નિહાળું,
પવન લહેરાય છે બાગમાં.

ફૂલો મહેંકતા અભિવાદન કરે,
રંગ–બેરંગી પતંગા શોભે બાગમાં.

કોયલ ટહુક, ટહુક કરતી સાંભળું,
નાચે મોર કળાકરી ખુશ બાગમાં.

ઝાકળ–બિંદુ ચમકી રહ્યુ પાનપર,
પક્ષીગણ ગીત ગાતા બાગમાં,

નિર્મળ ઝરણ વહેતું ધીરે ધીરે,
બાળ છબછબીયા કરતાં બાગમાં,

સુરજ નીચે નમી કરે ડોકિયું,
મને મળી ગયું બાળપણ બાગમાં.

- વિશ્વદીપ બારડ

# મા...મા... દિવાળી આવી

મા...મા... દિવાળી આવી.
નવા નવા કપલા સીવલાવજે..
ઓ..મા...દિવાળી આવી..
માલે ખાવા છે ઘાલી ને ઘુઘલા...
ઓ..મા...દિવાળી આવી..
માલે દોરવી સે ગમટી રંગોળી.
ઓ..મા..દિવાળી આવી
કોદીયામાં તેલ પુરી કલવા છે દિવા..
ઓ..મા...દિવાળી આવી
ફટાકલા લાવજે..ફૂલજલી લાવજે..
ઓ..મા...દિવાળી આવી..
ગલમ ગલમ ગોટા ખાવા સે મારે..
ઓ..મા...દિવાળી આવી
કપાલે કંકુનો ચાંદલો કરજે તું...
ઓ..મા...દિવાળી આવી..
વેલો ઉઠી..પેલા પગે લાગીશ તને..
ઓ..મા...દિવાળી આવી..

- વિશ્વદીપ બારડ

## મામાનું ઘર કેટલે દીવા બળે એટલે

મામાનું ઘર કેટલે
    દીવા બળે એટલે
દીવા મેં તો દીઠા
    મામા લાગે મીઠા
મામી મારી ભોળી
    મીઠાઈ લાવે મોળી
મોળી મીઠાઈ ભાવે નહિ
    રમકડાં તો લાવે નહિ

## મારો છે મોર

મારો છે મોર મારો છે મોર, મોતી ચરંતો મારો છે મોર

મારી છે ઢેલ મારી છે ઢેલ, મોતી ચરંતી મારી છે ઢેલ

મારો છે મોર મારો છે મોર, રાજાનો માનીતો મારો છે મોર

મારી છે ઢેલ મારી છે ઢેલ, રાણીની માનીતી મારી છે ઢેલ

બોલે છે મોર બોલે છે મોર, સોનાને ટોડલે બોલે છે મોર

બોલે છે ઢેલ બોલે છે ઢેલ, રૂપાને બારણે બોલે છે ઢેલ

# માંદી પડી માંદી પડી આજ મારી ઢીંગલી માંદી પડી

ઢીંગલી માંદી પડી
માંદી પડી માંદી પડી આજ મારી ઢીંગલી માંદી પડી,
એવી રડી એવી રડી આંખમાંથી મોતી ઝરે એવી રડી.

ખાટલામાં સૂવું એને ગમતું નથી,
સખી સાથે રમવા જવાતું નથી.

માંદી પડી માંદી પડી આજ મારી ઢીંગલી માંદી પડી,
એવી રડી એવી રડી આંખમાંથી મોતી ઝરે એવી રડી.

દવા તો પીવી એને ગમતી નથી,
ઈન્જેક્ષન લેવા એને ગમતાં નથી.

માંદી પડી માંદી પડી આજ મારી ઢીંગલી માંદી પડી,
એવી રડી એવી રડી આંખમાંથી મોતી ઝરે એવી રડી.

ભેળપૂરી ને આઈસક્રીમ ખવાતો નથી,
થમ્સઅપ તો બિલકુલ પીવાતી નથી.

માંદી પડી માંદી પડી આજ મારી ઢીંગલી માંદી પડી,
એવી રડી એવી રડી આંખમાંથી મોતી ઝરે એવી રડી.

# રજા પડી, મજા પડી

રજા પડી..

રજા પડી, મજા પડી,
આજ મારી સ્કુલમાં રજા પડી.

મામા ઘેર જઈશું, મજા કરીશું,
દાદીમા સાથે લાડ લડીશું.

ઝૂ માં જઈશું, હાથીભાઈ જોઈશું,
વાંદરાની ગમ્મત,વાઘને જોઈશું.

દરિયા કિનારે છીપલા વીણીશું,
રેતીમાં રમી, કુબા બનાવીશું.

રોજ રોજ અમે મજા માણીશું,
મીઠી મારી મા સાથે મજા માણીશું.

- વિશ્વદીપ બારડ

શિક્ષણ સાગર

## રંગીલા રંગીલા રંગીલા પતંગિયા

રંગીલા રંગીલા રંગીલા પતંગિયા
હા હા હા હો હો હો હા હા હા પતંગિયા

બાળકો બાગમાં રમવાને આવતા
દોડાવી દોડાવી થકવી એ નાખતા
મન મારું મોહી લેતા રે પતંગિયા
રંગીલા રંગીલા રંગીલા.....

ફૂલડે ફૂલડે આમતેમ દોડતા
આકાશે ઉડતાને હાથમાં ન આવતા
મન મારું મોહી લેતા રે પતંગિયા
રંગીલા રંગીલા રંગીલા.....

## વારતા રે વારતા ભાભો ઢોર ચારતા

વારતા રે વારતા, ભાભો ઢોર ચારતા

ચપટી બોરા લાવતા, છોકરાઓને સમજવતા

એક છોકરો રિસાણો, કોઠી પાછળ ભિંસાણો

કોઠી પડી આડી, છોકરે રાડ પાડી, અરર માડી...

શિક્ષણ સાગર

## રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી

રીંછ એકલું ફરવા ચાલ્યું
રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી;
સામે રાણા સિંહ મળ્યા રે, આફત આવી મોટી.
ઝૂકી ઝૂકી ભરી સલામો, બોલ્યું મીઠા વેણ:
"મારે ઘેર પધારો રાણા! રાખો મારું કહેણ.
હાડચામડાં બહુ બહુ ચૂંથ્યાં, ચાખોજી મધ મીઠું;
નોતરું દેવા ખોળું તમને, આજે મુખડું દીઠું!"
રીંછ જાય છે આગળ, એના પગ ધબધબ,
સિંહ જાય છે પાછળ, એની જીભ લબલબ.
"ઘર આ મારું જમો સુખેથી, મધની લૂમેલૂમ"
ખાવા જાતા રાણાજીએ પાડી બૂમેબૂમ!
મધપૂડાનું વન હતું એ, નહીં માખોનો પાર;
બટકું પૂડો ખાવા જાતાં વળગી લારોલાર!
આંખે, મોઢે, જીભે, હોઠે ડંખ ઘણેરા લાગ્યા;
ખાધો બાપ રે!" કરતાં ત્યાંથી વનરાજા તો ભાગ્યા.
રીંછ એકલું ફરવા ચાલ્યુંહાથમાં લીધી સોટી;
સામે રાણા સિંહ મળ્યા રે, આફત આવી મોટી.

-રમણલાલ સોની

## લીલી પીળી ઓઢણી ઓઢી રે મેં તો ઓઢી રે

લીલી પીળી ઓઢણી (૨) ઓઢી રે મેં તો ઓઢી રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)

હાથ કેરા કંગન (૨) પહેર્યા રે મેં તો પહેર્યા રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)

કાન કેરા કુંડળ (૨) પહેર્યા રે મેં તો પહેર્યા રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)

નાક કેરી નથણી (૨) પહેરી રે મેં તો પહેરી રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)

પગ કેરા ઝાંઝર (૨) પહેર્યા રે મેં તો પહેર્યા રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)

## સગપણ

ચોરી કરવા ચાલ્યા ચોર
સોનીપોળમાં થાતો શોર
સીપાઈ મળ્યા સામા
બાના ભાઈ તે મામા

મામા લાવે છૂકછૂક ગાડી
બાને માટે લાવે સાડી
સાડીના રંગ કાચા
બાપના ભાઈ તે કાકા

કાકા કાકા કારેલાં
કાકીએ વધારેલાં
કાકી પડ્યાં રોઈ
બાપની બેન તે ફોઈ

ફોઈ ફૂલડાં લાવે છે
ફુવાને વધાવે છે
ફુવા ગયા કાશી
બાની બેન તે માસી

શિક્ષણ સાગર

## સાઈકલ મારી ચાલે

સાઈકલ મારી ચાલે, એની ઘંટી ટનટન વાગે
સરસર સરસર ભાગે, એની ઘંટી ટનટન વાગે

સાઈકલ મારી ચાલે, એની ઘંટી ટનટન વાગે

ચાર પૈડાવાળી ને, ગાદીવાળી સીટ
પૂરપાટ ભાગું તો ય, નથી લાગતી બીક

સાઈકલ મારી ચાલે, એની ઘંટી ટનટન વાગે

હું ને ભાઈ મારો, આખો દી ફરવાના
નદીએ ફરવા જાશું, સૌથી છાનામાના

સાઈકલ મારી ચાલે, એની ઘંટી ટનટન વાગે

સાઈકલ મારી ચાલે, જાણે ઘોડાગાડી
સરસર સરસર ભાગે, જાણે એંજિન ગાડી

સાઈકલ મારી ચાલે, એની ઘંટી ટનટન વાગે

## સાત વાર

લઈ લો પાટી દફતર પોથી,

આજે છે સોમવાર

નાસ્તાનો ડબ્બો રાખો ભૂલશો મા,

આજે છે મંગળવાર

કાઢો કાઢો પતંગ–માંજો,

આજે છે બુધવાર

ગુરુજનને તે વંદન કરજો,

આજે છે ગુરુવાર

શુક્રવારે ચણા ફાકજો,

આજે છે શુક્રવાર

જય બોલો બજરંગબલીની,

આજે છે શનિવાર

રમત ગમત ને હરવા ફરવા, થાવ આજ તૈયાર

રજા મજા ને ખેલનો દિવસ, આજે છે રવિવાર

## હાલરડું હાલા રે વાલા મારા ભઈલાને

હાલરડું હાલા રે વાલા મારા ભઈલાને હાં...હાં...હાં...હાં

ભઈલો મારો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો પાટલો ગયો ખસી, ભઈલો પડ્યો હસી હાલા રે વાલા મારા ભઈલાને હાં...હાં...હાં...હાં

ભાઈ મારો છે સાગનો સોટો, આવતી વહુનો ચોટલો મોટો ભાઈ મારો છે વણઝારો, એને શેર સોનું લઈ શણગારો હાલા રે વાલા મારા ભઈલાને હાં...હાં...હાં...હાં

હાલા રે વાલા મારી બેનડીને હાં...હાં...હાં...હાં

બેની મારી છે ડાહી, પાટલે બેસીને નાહી પાટલો ગયો ખસી, બેની પડી હસી હાલા રે વાલા મારી બેનડીને હાં...હાં...હાં...હાં

બેની મારી છે લાડકી, લાવો સાકર ઘીની વાડકી ખાશે સાકર ઘી મારી બેની, ચાટશે વાડકી મિયાંઉમીની હાલા રે વાલા મારી બેનડીને હાં...હાં...હાં...હાં

## હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠાં

હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠાં
હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠાં
લેસન પડતું મૂકી ફિલમ ફિલમ રમવા બેઠાં
મમ્મી પાસે દોરી માંગી, પપ્પાની લઈ લૂંગી
પરદો બાંધી અમે બનાવી ફિલમ મૂંગી મૂંગી....

દાદાજીનાં ચશ્માંમાંથી કાઢી લીધો કાચ
એનાથી ચાંદરણા પાડ્યાં પરદા ઉપર પાંચ

ચંદુ ફિલમ પાડે ત્યારે જોવા આવું હું
હું ફિલમ પાડું તો જોવા આવે છે ચંદુ...

કાતરિયામાં છુપાઈને બેઠી'તી બિલ્લી એક
ઉંદરડીને ભાળી એણે તરત લગાવી ઠેક

ઉંદરડી છટકી ને બિલ્લી ચંદુ ઉપર આવી
બીક લાગતાં ચંદુ સાથે ચીસો મેં ગજાવી
દોડંદોડા ઉપર આવી પહોંચ્યાં મમ્મી–પપ્પા
ચંદુડિયાનો કાન આમળ્યો, મને લગાવ્યા ધબ્બા...

-રમેશ પારેખ

શિક્ષણ સાગર

## હોળી આવી હોળી આવી

હોળી આવી હોળી આવી
હોળી આવી હોળી આવી
ફાગણ માસે હોળી આવી
ફાગણ માસે હોળી આવી

હોળી આવી હોળી આવી
હોળી આવી હોળી આવી
રંગભરી પીચકારી આવી
રંગભરી પીચકારી આવી

કેસૂડાના રંગે રંગે
કેસૂડાના રંગે રંગે
ભાઈબંધોના સંગે સંગે
ભાઈબંધોના સંગે સંગે
રંગે ચંગે આજ ઉમંગે
રંગે ચંગે આજ ઉમંગે

આવો હોળી રમિયે
આવો હોળી રમિયે
આવો હોળી રમિયે

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર  ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .


અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP


શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .


અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION